# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૫ તા.૧૫/૦૩/૨૦૧૮

**કામ નંબર.:૧**

**કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૪૫૩/ તા.:૨૨–૦૧–૨૦૧૮ની ભલામણ મુજબ સને ૨૦૧૭–૧૮નો તા.:૧/૪/૨૦૧૭ થી તા.:૩૦/૬/૨૦૧૭ સુધીનો ત્રીમાસીક હિસાબ તથા સને ૨૦૧૭–૧૮નો તા.: ૧/૪/૨૦૧૭ થી તા.: ૩૦/૦૯/૨૦૧૭ સુધીનો છ માસીક હિસાબ તેમજ સને ૨૦૧૭–૧૮નો તા.:૧/૪/૨૦૧૭થી તા.:૩૧/૧૨/૨૦૧૮સુધીનો નવ માસીક હિસાબ મંજુર કરવા બાબત..**

દ.મુ.:–ઉર્મિબેન દેસાઈ
ટે.આ..:–સોનલબેન સોલંકી (જૈન)

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે પોતાનો વાંધો નોંધાવ્યો.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે,આ બેજટની બોર્ડ છે .નગરપાલિકા અધિનિયમ મુજબ નોટીશ બોર્ડ ઉપર બજેટની નકલ મુકવી જોઈએ.

સભ્યશ્રી સોનલબેન પટેલે જણાવ્યુ કે,કાચી કાર્યનોધ અમોને મળે તેવી આશા છે.

સભ્યશ્રી પ્રવિણભાઈ કચ્છીએ જણાવ્યુ કે,મોર્ડન રૂલ્સ ૧૯૮૮ મુજબ પ્રમુખશ્રીને આ બાબતે સત્તા છે.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે,રજુઆત કરવા દો.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે,૮–મી માર્ચ વિશ્વ મહિલાદિનની ઉજવણી થયેલ છે પરંતુ વિશ્વ મહિલાદિન ઉજવવાનો હેતુ વિશ્વની અડધી જનસંખ્યા સ્ત્રીઓની છે જેના ઉત્કર્ષ માટે જાગૃતી લાવવાનો અવસર છે.આજે વિજ્ઞાન,ટેકનોલોજી અને રાજકારણ સહીત વિવિધ ક્ષેત્રમા મહીલાઓએ પોતાનુ યોગદાન આપ્યુ છે.ભારત સરકાર અને ગુજરાત રાજયમા પણ છેલ્લા ઘણા વરસથી કન્યા કેળવણી,બેટી બચાવો, સ્ત્રી ભુણ હત્યા નિવારણ જેવા પ્રયાસો આદરી નારીઓના ઉત્થાનમા યોગદાન કરી રહેલ છે.સ્ત્રીઓ પુરૂષ સમોવદી બની દરેક ક્ષેત્રમા પોતાની ક્ષમતા પોતાની પુરવાર કરી રહી છે.ભારતીયનારી શકિતનો પરચો સમગ્ર વિશ્વને બતાવ્યો હતો.પરંતુ ૮–મી માર્ચ ૨૦૧૮ને મહિલાદિને આપના સાથી સભ્ય શ્રીમતી કલ્પનાબેન ભાનુશાલી અને વલસાડ નગરપાલિકાના માજી પ્રમુખ શ્રી રાજેશભાઈ ભાનુશાલીની સુપુત્રી ચિ.મહેક સાથે દુઃખદ બિના બની કે જે અતુલ વિદ્યાલયમા ધોરણ–૨ મા અભ્યાસ કરે છે જેમને કોન્ફરર્ન્સ રૂમમા ફી બાબતે ગેરસમજ થતા બંધ કરવામા આવ્યુ.મે.કલેકટરશ્રી,જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી અને સરકારમાં ઉગ્ર રજુઆત કરવા જણાવ્યુ.આવા બનાવો બને તે ચલાવી લેવાય તેમ નથી.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે,આ ઘટનાને વખોડી કાઢે છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,આપણે સૌ સાથે છીએ અને સખ્ત શબ્દોમા વખોડી કાઢવામા આવે છે.અને જરૂરી પગલા લેવા તથા જિલ્લા શિક્ષણ અધિકારી તેમજ જે તે દોષીતો સામે તાત્કાલીક કાર્યવાહી થાય એવી રજુઆતો કરીએ.

**ઠરાવ.:**

**કારોબારી સમીતી ઠરાવ નંબર.: ૪૫૩/ તા.:૨૨–૦૧–૨૦૧૮ની ભલામણ મુજબ ચર્ચા –વિચારણાના અંતે સને ૨૦૧૭–૧૮નો તા.:૧/૪/૨૦૧૭ થી તા.:૩૦/૬/૨૦૧૭ સુધીનો ત્રીમાસીક હિસાબ તથા સને ૨૦૧૭–૧૮નો તા.: ૧/૪/૨૦૧૭ થી તા.: ૩૦/૦૯/૨૦૧૭ સુધીનો છ માસીક હિસાબ તેમજ સને ૨૦૧૭–૧૮નો તા.:૧/૪/૨૦૧૭થી તા.:૩૧/૧૨/૨૦૧૮સુધીનો નવ માસીક હિસાબ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.**

– બહુમતીએ મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૬ તા.૨૬/૦૪/૨૦૧૭

**કામ નંબર.:૨**

**વલસાડ નગરપાલિકા નું સને ૨૦૧૭–૨૦૧૮ના વર્ષનુ રીવાઈઝડ બજેટ મહેસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસ નું રૂા.: ૬૮,૨૧,૭૮,૬૦૦ /– તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.:.૬૫,૨૨,૭૪,૦૦૦ /–રીવાઈઝડ બજેટ મંજુર કરવા બાબત....**

**દ.મુ.:–ઉર્મિબેન દેસાઈ**
**ટે.આ.:–સોનલબેન સોલંકી ( જૈન )**

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે,કામ નં.૨ અને ૩ ને ચર્ચાઓ સંયુકત રીતે કરીએ.

બજેટ પેજ નં.૧ ઉપર મહેસુલી આવક ,મહેસુલી ખર્ચ,અને ઓકટ્રોઈ આવકોની વિસંગતાઓ થયેલી છે.અબ્રામા, મોગરાવાડી નવો સમાવેશ વિસ્તાર ૧૪ ચો.કી.મી.જેના વધારે માટે માંગણી કરવી જોઈએ. તેમજ સરકારશ્રી પાસેથી આપણા ઓકટ્રોઈના બાકી લેણા હકકના લેવાના છે તેની સરકારશ્રીમા પદાધિકારીશ્રીઓ,ધારા સભ્યો,સાંસદ સભ્યો,મારફત રજુઆત કરી કાર્યવાહી થવી જોઈએ.ગુમાસ્તાધારા ફીમા વાર્ષીક રૂા.:૨૦–ના બદલે રૂા.:૧૦૦ /– કરવા જોઈએ.નવા લાયસન્સ માટે રૂા.:૨૦૦૦– ફી નકકી કરવી જોઈએ.જાહેરાતના બોર્ડ લગાવવા માટે જાહેર હરાજી થવી જોઈએ.મ્યુનિસિપલ હોસ્પીટલ સારી થઈ છે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે,૧૪મા નાણાપંચમા ૩–કરોડ રૂપિયા જમા કરાવ્યા છે.જેમ આવક થતી જશે તેમ બાકીની રકમ જમા કરાવવામા આવશે.લાયસન્સ ફી માટે સરકારશ્રીના ધારાધોરણો હોય છે તેમજ ઓકટ્રોઈ ગ્રાન્ટ માટે રજુઆતો થયેલ છે.

એકાઉન્ટન્ટશ્રીએ જણાવ્યુ કે,જીઈબીના બીલો તેમજ મોલ માટે ૦% લોનથી મેળવેલી રકમ લોન મેળવેલ છે.

સભ્યશ્રી રાજુભાઈએ જણાવ્યુ કે,હોસ્પીટલ સરસ છે .સ્ટાફ કામ કરે છે.પરંતુ ર્ડાકટરો ઘટે છે.ર્ડાકટરોની નવી નિમણુક આપવી જોઈએ.બહારથી ખાનગી ર્ડાકટરો બોલાવવા માટે મારો વાંધો છે.

સભ્યશ્રી પ્રવિણભાઈ ભાનુશાલીએ જણાવ્યુ કે,ધન્યવાદને પાત્ર છે.પુર્વ પ્રમુખ શ્રી સોનલબેન સોલંકીને આભારી છે કે માતબર દાન ઠકી ભવ્ય હોસ્પીટલનુ નિર્માણ શકય બન્યુ.વલસાડમા સારી હોસ્પીટલ તૈયાર થઈ ગઈ છે.લોકો લાભ લે છે.પગથીયા પાસે રેલીંગ બનાવવી જરૂરી છે.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે,સ્કૃટીની ફી રૂા.:૩૦– લેવામા આવે છે .નવા એસઓઆર મુજબ કામો કરવામા આવે છે.તો નવા સ્કૃટીની ચાર્જ લેવા જોઈએ.જુના શોપીંગ સેન્ટરો સરકારશ્રીના પરિપત્ર મુજબ ૩૦ વરસ થયા હોય માલીકી ધોરણે આપવા જોઈએ.તેમજ આંબેડકર શોપીગ સેન્ટરની એફ.એસ.આઈ.દુકાનદારોને આપવી જોઈએ.જેથી આવક થાય .એલઈડી લાઈટમા કેટલી રકમની સેવીગ થાય છે અને એ રકમ કયા જમા થાય છે.વ્યવસાય વેરા ગ્રાન્ટમા બેન્કો,એલઆઈસી,કંપનીઓ,વકીલો,પાસેથી પણ વેરો ઉઘરાવવો જોઈએ.

ચીફઓફીસરશ્રીએ જણાવ્યુ કે,એલઈડી લાઈટ એજન્સી મારફતે કામગીરી થાય છે અને એની ૪૦%રકમ નગરપાલિકા પાસે રહે છે.લાઈટ બીલમા બચત થાય છે.વ્યવસાય વેરો જે તે કચેરી શાખાઓ મારફત કર્મચારીઓના પગાર બીલમાથી કપાત થતી હોય છે અને જે ચલનથી જમા કરાવવામા આવે છે.જેના આધારે સરકારશ્રી ગ્રાન્ટનુ વિતરણ કરે છે.

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે જણાવ્યુ કે,અબ્રામા, વિસ્તારની લાઈટ માટે વર્ક ઓર્ડર આપેલ છે પરંતુ લાઈટની સુવિધા માટે મોનીટરીગ થવુ જરૂરી છે.રેલ્વે યાર્ડમા ૧૭૦૦ જેટલા રહેણાંક મકાનો આવેલા છે. સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ તેઓ પાસે વેરા વસુલવા રેલ્વે સામે કાર્યવાહી કરી નગરપાલિકાની આવકમા વધારો થાય એમ છે.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે,બજેટ પાના નં.૫ ઉપર એમેનેટીશ ફી નો બજેટ હેડ દર્શાવેલ છે જે અંગે સમજુતી કરવા કહયુ.તથા ઈમ્પેકટ ફીની તારીખ ૩૧મી છેલ્લી હોય ,જે તે ફાઈલો રેગ્યુલાઈઝ કરવા પાત્ર હોય જે કાર્યરત થવી જોઈએ.

ઈજનેરશ્રી હિતેષભાઈ પટેલે જણાવ્યુ કે,નવા બાંધકામ માટે દરેક નગરપાલિકામા જુદા જુદા ચાર્જ વસુલવામા આવે છે.તેની જગ્યાએ નવા નિયમોમા સરકારશ્રીએ કોમન ચાર્જીસ નકકી કરેલ છે જે સ્કે.ફીટ દીઠ નકકી કરેલ ચાર્જ છે.ઈમ્પેકટ ફી અંગે કાર્યવાહી ચાલુ છે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે,પરીપત્ર મોકલાવ્યે.

સભ્યશ્રી સોનલબેન પટેલે જણાવ્યુ કે, અબ્રામાના કામો અધુરા છે.

ઈજનેરશ્રી હિતેષભાઈ પટેલે જણાવ્યુ કે,તમારી લેખીત રજુઆતો મોકલો.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,તપાસ કરી અમલવારી કર્યે.

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે જણાવ્યુ કે,કર્મચારીઓ યોગ્ય ફરજ બજાવે અને લોકોના પત્રોના જવાબો આપે.

સભ્યશ્રી પ્રવિણભાઈ ભાનુશાલીએ જણાવ્યુ કે,છીપવાડ વિસ્તારમા રેલના પાણી ન ભરાય તેના માટે આયોજન કરવુ જોઈએ.

સભ્યશ્રી નિતેષભાઈ વશીએ જણાવ્યુ કે,તમારે બજેટમા જોગવાઈ કરવી જોઈતી હતી .

સભ્યશ્રી પુષ્પાબેન ઓઝા ગયા.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે,મુળ બજેટમા અમૃત યોજનાના કામોમા કેન્દ્ર સરકાર પાસેથી મળનાર રકમમા ૩૦–કરોડનુ પ્લાનીંગ નગરપાલિકાએ કર્યુ.અને ૭૦–કરોડ રૂપિયા જીયુડીસીને કામગીરી સોપવા કરેલ તેની જગ્યાએ આ કામ પણ નગરપાલિકાએ કરવુ જોઈતુ હતું.અને જેમા દમણગંગાનુ પાણી લાવવા માટેનુ આયોજન હોવુ જોઈએ. તેમજ ચોથા વર્ગના કર્મચારીઓને રૂા.ઃ૩૪૦૦– બોનસ આપવાનો સરકારશ્રીનો પરીપત્ર છે.જેનુ આયોજન કરવુ જોઈએ.મોગરાવાડી વિસ્તારના રેલના પાણી માટે આયોજન કરેલ જે આનંદની વાત છે.

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણ, સભ્યશ્રી રાજેશભાઈ પટેલે જણાવ્યુ કે,અબ્રામા વિસ્તાર ચો.કી.મી. રીતે જોતા અબ્રામા ઝોન,મોટો છે.જેને ધ્યાનમા લઈ બજેટમા જોગવાઈઓ કરવી જોઈએ.તેમા ખાસ કરીને રેલના પાણી તેમજ ચોમાસામા ભારે વરસાદના પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ.ગગંલીખાડીની ગટર, ઝાડી –ઝાખરા તથા વધુ પ્રમાણમા હોય નિયમીત ગટર સફાઈ થતી નથી અને પુરગ્રસ્ત માટે આવતી ગ્રાન્ટનો ઉપયોગ રેલ વિસ્તારમા થવો જોઈએ..ચીફ ઓફીસરશ્રીએ સદર વિસ્તારની કામગીરી પર વિઝીટ કરવી જોઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,તમોએ અગાઉ જણાવ્યુ હોત તો સદર કામોને માટે આગવુ આયોજન કર્યુ હોત.

પુર્વપ્રમુખશ્રી મતી સોનલબેન સોલંકીએ જણાવ્યુ કે,છેલ્લા પાંચ વરસમા દરેક સભ્યને સાથે રાખી વલસાડની જનતાનો સર્વાગી વિકાસ માટેની એક કેડી કંડારી છે.દરેક વોર્ડમા દરેક વરસની સરકારશ્રીની ગ્રાન્ટમાથી કેટલા કામો થયા એની વિગતવાર યાદી તમામ વોર્ડના નવા ચુટાયેલા સભ્યશ્રીને આપવામા આવે જેથી એમને જાણકારી થાય અને દરેક વિસ્તારમા થયેલા આયોજનબધ્ધ કામોના કારણેજ વલસાડની જનતાએ નગરપાલિકાની ચુટણીનુ પરીણામ નકકી કર્યુ છે.સૌ હકારાત્મક અભિગમ રાખો અને પોતાના વિસ્તારના કામો કરાવો ." સૌનો સાથ અને સૌનો વિકાસ " આ પાચ વરસ માટે ડ્રેનેજની નવી લાઈનો જુના વલસાડની વધતી જતી વસ્તી ને ધ્યાનમા રાખી કરવામા આવશે .પાણી માટે પાર નદીના પાણીને વલસાડ શહેરમા મોકલવાનું અમૃતમ યોજનામા પ્રાથમીકતાથી કરવામા આવશે.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે,હાલર વિસ્તાર ,જુના મોગરાવાડી, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન ચાલુ થયેલ છે પરંતુ સોસાયટી સિવાયના નજીકના રહેણાંક વિસ્તારને ડ્રેનેજ કનેકશનો મળ્યા નથી.જીયુડીસી ધ્વારા પ્રોજેકટને સારી સફળતા મળી નથી. જીયુડીસી ધ્વારા સારા કામો થાય તેવુ ઈચ્છવા યોગ્ય નથી.તેઓશ્રી ધ્વારા વાંસદા,ગણદેવી,બીલીમોરા, વેજલપોર,વિસ્તારોમા કામગીરી સંતોષકારક નથી.સદર કામગીરી નગરપાલિકા હસ્તક થવી જોઈએ.

સભ્યશ્રી કમળાબેન ,સભ્યશ્રી રાજેશભાઈ પટેલે જણાવ્યુ કે,શાકભાજી મારકેટમા નિયમીત સફાઈ થવી જોઈએ તેમજ ડ્રેનેજ લાઈન ઉભરાય છે .મારકેટના પગથીયાઓ રીપેર કરવાની જરૂર છે.તેમજ ટ્રાફીક નિયંત્રણ જરૂરી છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,૨૫મી તારીખે મારકેટ બંધ રહે છે જે દિવસે સફાઈ માટે સુચના આપી.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે, ગરીબ આવાસ યોજના હેઠળ કયા કામો કરવામા આવે છે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે,કેન્દ્ર સરકાર ધ્વારા હાઉસ ફોર ઓલ યોજના હેઠળ બધાને ઘરો ઉપલબ્ધ થાય એવી યોજના છે.

ઈજનેરશ્રી હિતેષભાઈ પટેલે જણાવ્યુ કે,વ્યકિતગત આવાસ માટે ૩.૫૦ લાખ રૂપિયાની જોગવાઈ છે જેમા ૪૮૩ ફોર્મ ભરાયેલ છે અને ૨૧૧ની મંજુરી મળેલ છે.

સભ્યશ્રી ઈમ્તીયાઝભાઈ કાઝીએ જણાવ્યુ કે,જે વ્યકિતઓ ૪૦વરસથી સરકારી જમીન પર છાપરા બાંધી રહેતા હોય તેમને જમીન રેગ્યુલાઈઝ કરી આપવી જોઈએ જે અંગે ઠરાવ કરી માહીતી મોકલીએ.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે,સરકારશ્રીની નિતિ વિષયક બાબત હોય.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલે જણાવ્યુ કે,ટેક્ષ વસુલાત બાકીદારોના નળ કનકેશનો કાપવામા આવે છે અને કોરો ચેક લેવાય છે.તેમજ મ્યુનિસિપલ હોસ્પીટલમા લીફટનુ કામ બાકી છે.

ચીફ ઓફીસરશ્રીએ તથા શ્રી રમણભાઈ રાઠોડે જણાવ્યુ કે,જયારે ટેક્ષ લેવા જાય ત્યારે ટેક્ષની રકમ સાથે વ્યાજની રકમની ગણતરી કરી ચેકમા રકમ ભરવાની થતી હોય ,તેમજ અરજદાર કચેરીમા આવી રૂબરૂ ભરી શકે છે.

સભ્યશ્રી સોનલબેન સોલંકી(જૈન) જણાવ્યુ કે,હોસ્પીટલના દાતા તરફથી લીફટ આપવાનુ આયોજન કરેલ છે તેઓશ્રી ધ્વારા લીફટનુ દાન કરનાર છે.જે માટે ડાંકટરને જરૂરી કામગીરી અંગે સુચના આપેલ છે.

સભ્યશ્રી સોનલબેન પટેલે જણાવ્યુ કે,અબ્રામા વિસ્તારમા આવેલ દુકાનદારો પાસે લાયસન્સ વગર ધંધો કરે છે.તેઓની સામે કાર્યવાહી થવી જોઈએ.

સભ્યશ્રી નિતેશભાઈ વશી, સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ,સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈ,સભ્યશ્રી ઈમ્તીયાઝુદીન કાઝી,વિગેરે જણાવ્યુ કે,પાણી પુરવઠા માટે સ્પેશ્યલ બોર્ડ બોલાવવી જોઈએ.તેમજ શહેરમા આવેલ મુસ્લીમોના કબ્રસ્તાન , વ્હોરા સમાજના કબ્રસ્તાન, ખ્રિસ્તી સમાજના કબ્રસ્તાન માટે ધારા સભ્ય, સાંસદ સભ્યની ગ્રાન્ટમાથી માંગણી કરવી જોઈએ.અને નગરપાલિકાએ પણ ફંડની ફાળવણી કરવી જોઈએ.

બંદરરોડના મેઈનરોડ પર પુલ પાસે પીલરોને નુકશાન થયેલ છે.ગમે ત્યારે ભારે આફત આવશે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે ,આવક અને ખર્ચ માટે એકા.શ્રીને ચકાસણી કરવા જણાવ્યુ.તેમજ બંદરરોડ મોટા પુલ માટે આર એન્ડ બી હસ્તક હોઈ,માટે ઈજનેરશ્રીને સુચના આપી આર એન્ડ બી અને કલેકટરશ્રીને ધ્યાને મુકીએ.

સભ્યશ્રી રમેશભાઈ પટેલ ,સભ્યશ્રી નિતેશભાઈ વશી,સભ્યશ્રી ઈમ્તીયાઝુદીન કાઝી,વિગેરે જણાવ્યુ કે,સ્લમ વિસ્તારમા પાણી ગ્રાઉન્ડ ફલોર પર પણ આવતુ નથી.રોજે રોજ ફરીયાદો આવે છે.પ્રેસરથી પાણી માટે બુસ્ટરનુ આયોજન કરવુ જોઈએ.તથા પાણીની ટાંકીનુ આયોજન કરવુ જોઈએ.જેથી બંબા ધ્વારા પાણી આપવાની જરૂરીયાત ન રહે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,સ્થળ તપાસ કરી કાર્યવાહી કર્યે તેમજ અમૃત યોજનામા સમાવેશ થઈ શકે કેમ ? તે વિચારીએ.

સભ્યશ્રી નિતેષભાઈ વશી તથા સભ્યશ્રી ઈમ્તીયાઝુદીન કાઝી તથા સભ્યશ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણે જણાવ્યુ કે,અબ્રામા, મોગરાવાડી નવો સમાવિષ્ટ વિસ્તારને ઘણો સમય થયો છે . ડીપીઆર. તૈયાર થયેલ હોય જેની ગ્રાન્ટ ફાળવેલ હોય ૫–કરોડનો પ્રોજેકટ કેમ અધુરો અને મહત્વના કામો ન થવાના કારણે લોકોને ભારે નુકશાનીનો સામનો કરવો પડે છે.જે કામો નથી થતા તેવી એજન્સીને બ્લેકલીસ્ટ કરવી જોઈએ.પાણી પુરવઠા માટે બોર્ડ બોલાવવી કામ લેવુ જોઈએ.પાણીના કાયમી પ્રશ્ન હલ કરવા માટે ઔરંગા નદીમા ડ્રેજીંગ કરવુ જોઈએ તેમજ દમણગંગા પ્રોજેકટ અંગે કાર્યવાહી થવી જોઈએ. વરસાદી પાણીના નિકાલ યોગ્ય રીતે થવો જોઈએ.કચરો ચેમ્બરમા ભરાય જાય છે.ખુલ્લી ગટરો બંધ થવી જોઈએ. સોલીડવેસ્ટના નિકાલ માટે જમીન સંપાદન કાર્યવાહી હાથ ધરવી જોઈએ.હાલર તળાવમા ગંદા પાણી ( ગટરનુ પાણી) યોગ્ય નિકાલ થાય તેમજ નિયમીત સફાઈ થાય .સર્યકિરણ હાલર પાસે,ડ્રેનેજ ગટર ઉભરાય છે જેનો કાયમી ધોરણે નિકાલ થવો જોઈએ.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે,જીયુડીસી ને સોપાયેલ કામગીરી માટે વારંવાર પત્ર લખી રીમાઈન્ડરો કરવામા આવેલ છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,ઉપરોકત બાબતો ધ્યાને લઈ સુધારા – વધારા કરી આયોજનો કરીએ.

સભ્યશ્રી રમેશભાઈ પટેલે જણાવ્યુ કે,દોડીયા ટેકરા વિસ્તારમા પમ્પીગ સ્ટેશનની કામગીરી અને ડ્રેનેજ કનેકશનો આપવામા તો આવક ચાલુ થાય.

**ઠરાવ.:**

**ચર્ચા વિચારણા અંતે દર્શાવેલ સુધારા – વધારા સાથેનુ વલસાડ નગરપાલિકા નું સને ૨૦૧૭–૨૦૧૮ના વર્ષનુ રીવાઈઝડ બજેટ મહેસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસ નું રૂા.: ૬૮,૨૧,૭૮,૬૦૦ /– તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.:.૬૫,૨૨,૭૪,૦૦૦ /–રીવાઈઝડ બજેટ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.**

**–સ.મ.મંજુર..**

<u>જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૭ તા.૨૬/૦૪/૨૦૧૭</u>

<u>**કામ નંબર.:૩**</u>

**વિષય.:**

**વલસાડ નગરપાલિકાનુ સને ૨૦૧૮–૨૦૧૯ના વર્ષનુ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.:૧,૦૮,૬૭,૮૯,૦૦૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ ખર્ચ રૂા.: ૧૧,૩૨,૫૫,૫૦૦૦ /–નું બજેટ મંજુર કરવા બાબત.**

**દ.મુ.:–ઉર્મિબેન દેસાઈ**
**ટે.આ.:–સોનલબેન સોલંકી ( જૈન )**

કામ નંબર.:–૨ અને ૩ ની સંયુકત અને મુકતરીતે ચર્ચા કરવામા આવી .

<u>ઠરાવ.:</u>

**ચર્ચા વિચારણા અંતે દર્શાવેલ સુધારા – વધારા સાથેનુ વલસાડ નગરપાલિકાનુ સને ૨૦૧૮–૨૦૧૯ના વર્ષનુ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.:૧,૧૮,૦૬,૧૪,૦૦૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ ખર્ચ રૂા.: ૧,૧૩,૪૦,૫૫,૦૦૦ /–નું બજેટ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.**

**–સ.મ.મંજુર..**

સભાનું કામકાજ પુર્ણ થતા પ્રમુખશ્રીએ સૌનો અભાર વ્યકત કરી જણાવ્યુ કે,હવે સભાનું કામકાજ પુર્ણ થાય છે .આપણે સૌ " જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભાનું કામકાજ પુર્ણ કરીએ....." જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભા પુર્ણ થઈ....

નગરપાલિકા કચેરી
વલસાડ.
તા.: ૧૭ / ૦૩ /૨૦૧૮

( પંકજ ઠાકોરભાઈ આહીર )
પ્રમુખ,
વલસાડ નગરપાલિકા.